ગાંધીનગર સમાચાર
તા. ૭-૭-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

કૌભાંડોની ભરમાર વચ્ચે પિસાતો દેશ

અફીણીયાને અફીણ વગર કે દારૂડિયાને દારૂ વગર ન ચાલે એમ ભારત નામની વિશ્વની સૌથી મોટી લોકશાહીને કૌભાંડ વગર નથી સોરવતું. આ દેશની લોકશાહીની ગળથૂથીમાં જ કૌભાંડ હોય એવું લાગે છે. આઝાદી પછીના થોડાંક વરસ બધું સમુંસૂતરું ચાલ્યું પણ પછી પંડિત નહેરુના જ વિશ્વાસુ સાથી કૃષ્ણમેનનનું કૌભાંડ ચર્ચામાં આવેલું. ઇંદિરાયુગ પછી આ કૌભાંડ ભારતીય રાજકારણની ઓળખ જ બની ગયું. નગરવાલાનું નામ આટલાં વર્ષો પછી પણ યદાકદા ચર્ચાતું રહે છે. 'મિ.ક્લીન' વાળી ઇમેજ સાથે સત્તાસ્થાને બેઠેલા રાજીવ ગાંધીના શાસનકાળમાં બોફોર્સકાંડ બન્યો. એના લાભાર્થીઓને કેવી રીતે ક્લીન ચીટ અપાતી રહી એ સર્વવિદિત છે. સાચા અર્થમાં ચોખ્ખો વડોપ્રધાન હતો એ વિશ્વનાથ પ્રતાપસિંહને એના સહયોગીઓએ જ ભોંય ભેગો કર્યો હતો. એ જ રીતે મોરારજી દેસાઇ જેવા સિદ્ધાંતવાદી નેતાને પણ એમના જ મહત્ત્વાકાંક્ષી સાથીદારો નડ્યા હતા. સિમુર હર્ષ નામના વિદેશી પત્રકારે મોરારજી દેસાઇને પણ સી.આઇ.એ.ના એજન્ટ લેખાવ્યા હતા, જે આક્ષેપમાંથી એ ગાંધીવાદીને ક્યારેય ક્લીન ચીટ મળી નહોતી! એ વાત જુદી છે કે એમના વિશે થયેલ આવો ગોબરો આક્ષેપ ખુદ ઇન્દિરાજીએ ફગાવી દીધો હતો. વિપક્ષ સથે પણ કેટલી સલૂકાઇ દાખવી શકાય એનું શ્રેષ્ઠ ઉદાહરણ આ ઘટના હતી. પી.વી. નરસિંહરાવ અને ડો. મનમોહનસિંહ સામે કૌભાંડોની હારમાળા પડેલી છે. નરસિંહરાવને એમની સાથેના સીધા આરોપોમાં છાશવારે અદાલતનાં ચક્કર લગાવવા પડતાં એ સૌએ જોયું છે. જો કે લઘુમતી સરકારને પાંચ વરસ ચલાવવા માટે એમને ઝારખંડ મુક્તિ મોરચાના સર્વેસર્વા 'ગુરુજી' ને ચેનકેન પ્રકારેણ સાચવ્યા વગર છૂટકો નહોતો. યુપીએ સરકારના ડો. મનમોહનસિંહ અણિશુદ્ધ ઇમેજ ધરાવતા હોવા છતાં એમને 'ગઠબંધન ધર્મ' પાળવો પડ્યો, એનાં માછલાં છેવટે તો એમના પર જ ધોવાઇ રહ્યાં છે. વાજપેયી શાસનમાં થયેલી ભૂલોનું લિસ્ટ ઘણું લાંબુ છે. દુલાતના તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તકમાં એની આછેરી ઝલક સાંપડે છે. વર્તમાન મોદી સરકારના પહેલા વર્ષ દરમિયાન બધું સમૂંસૂતરું ચાલ્યું હોવાની બાંધી મૂઠી લલિત મોદીએ ઉઘાડી નાખી છે. કૉંગ્રેસના મુખ્યમંત્રીઓથી ચાર ચાસણી ચડે એવાં કૌભાંડો ભાજપ શાસિત રાજયોનાં મુખ્યમંત્રીઓના નામે ડોકાં કાઢી રહ્યાં છે. મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડે એક પછી એક ૪૫ જેટલા સાક્ષીઓ કે આરોપીઓનો જીવ લીધો છે. છેલ્લે રમણસિંહની છત્તીસગઢની લોકપ્રિય સરકારનું ચોખા કૌભાંડ બહાર આવ્યું છે. લાલુ પ્રસાદના ચારા કૌભાંડની બરોબરી કરી શકે એવાં કૌભાંડો ભાજપના નેતાઓ પણ કરી શકે છે, એની પ્રજાને ખાતરી થઇ ગઇ છે. સુષમા-વસુંધરા જેવાં મહિલા અગ્રણીઓ માયાવતી કે જયલલિતાથી કમ નથી, એની પ્રતીતિ પણ થઈ ચૂકી છે. આપણા રાજકારણીઓ માટે કૌભાંડ એ અનિવાર્ય જીવનધર્મ બની રહ્યો હોય એમ નથી લાગતું?

ગાંધીનગરમાં નગરલાલિકાની રચના થયા પછી આખા શહેરમાં બાંકડાની સંખ્યા અણધારી વધી ગઇ છે, આ નગર અત્યાર સુધી વૃક્ષોનું નગર કહેવાતું આવ્યું છે તે હવે બાંકડાઓનું શહેર બની ના જાય તો સારું

મનના ઉમંગો
નિવૃત્તિ દિન
- રણછોડ વી. પરમાર

ગાંધીનગર સમાચારના તા. ૧/૭/૨૦૧૫ના અંકમાં ''ગાંધીનગરમાં આજે નિવૃત્તિ દિવસ ઉજવાયો'' એવા સમાચાર પ્રસિદ્ધ થયા છે. એકલા ગાંધીનગરમાંથી ૧૯૦ જેટલા કર્મચારીઓ તા. ૩૦/૬/૨૦૧૫ ના કચેરી સમય બાદથી નિવૃત્ત થયા છે. આવતા વરસે એટલે કે વર્ષ - ૨૦૧૬માં જૂનના અંતે ૧૬૦૦ કર્મચારીઓ નિવૃત્ત થનાર છે. એવા પણ અહેવાલ આપવામાં આવ્યા છે. વર્ષો પહેલાં બાળકોના જન્મની નોંધણીની અત્યાર જેવી કોઇ સુવિધા હતી નહીં એટલે બાળકને જયારે શાળાએ મુકવામાં આવે ત્યારે પ્રવેશ આપનાર શિક્ષક જાતે જ ૧લી જૂન કે ૧૫મી જૂન એવી તારીખ લખી કાઢતા હતા. પહેલી જૂનના ગાંધીનગર સમાચારમાં વડીલોને વંદન વિભાગમાં કેટલા બધા ફોટા છપાયા હતા એ આપ સૌએ જરુરથી જોયા હશે. એક વાત કહું? મારી જન્મતારીખ પંદરમી જૂન છે પણ સાચ્ચી છે, સાહેબે લખી કાઢેલી નહીં!

હવે આટલી મોટી સંખ્યામાં નિવૃત્ત થયેલા કર્મચારીઓ શું કરશે એ વિચારો. આમાંથી અડધોઅડધ તો એકાદ-બે વરસનું એક્ષટેન્સન મેળવવા દોડાદોડ કરવા માંડશે. આખી જિંદગી કચેરી સમય દરમિયાન બાળકોને મૂકવા ગયા, લેવા ગયા, મામા-માસીની ખબર કાઢવા ગયા, લગ્નના જમણવારમાં ગયા, મૃત આત્માના બેસણામાં ગયા. કર્મચારી નવા નક્કોર વસ્ત્રો પરિધાન કરીને પધાર્યા હોય તો ચોક્કસ સમજવું કે લગ્નમાંથી જમીને આવ્યા છે અથવા સાંજે વહેલાં જવું પડશે. જો સફેદ લેંઘો-ઝભ્ભો ઠઠકાવીને આવ્યા હોય તો નક્કી સમજવું કે કોઇનાં બેસણામાંથી હમણાં જ ઊઠીને આવ્યા છે અને જમ્યા વગર આવ્યા હશે એટલે બપોરના એક-બે કલાક જમવા જવું પડશે. ગેસનું બિલ, વીજળીનું બિલ, ટેલિફોનનું બિલ, પાણી વેરો, મિલકત વેરો, બાળકોની ફી, બેન્કમાં એન્ટ્રી આ બધું તો આપણા સિવાય કોણ કરે? આમ કરતાં કરતાં નિવૃત્તિનો સમય સામો આવે ત્યારે એમને એકાએક ભાન થાય છે કે સાલુ આ ઓફિસનું કામ આપણા સિવાય કરશે કોણ? વળી બીજો અગત્યનો વિચાર એવો પ્રગટ થાય છે કે ઘેર બેઠા બેઠા ટાઇમ કેવી રીતે પસાર થાય? જાણે ટાઇમ પસાર કરવા જ તેમણે આ નોકરી સ્વીકારી ના હોય!

નિવૃત્ત થનાર લોકોમાંથી મોટાભાગના સવારે મોડા ઉઠવાની, શાંતિથી તૈયાર થવાની અને ચા સાથે ભરપેટ નાસ્તો કરવાની ટેવ પાડે છે. માંડ દસ ટકા કર્મચારી પણ જયાં સુધી ડૉક્ટરો સૂચના ના આપે ત્યાં સુધી સવારે ચાલવાની આદત પાડતા નથી. આમાં એક આનંદની વાત એ છે કે ઘણા વડીલો પોતાના પૌત્ર-પૌત્રીઓને શાળાએ લેવા-મૂકવા જવાની કામગીરી સ્વેચ્છાએ સ્વીકારી લે છે. બાળકોને તો દાદા-દાદી મળ્યા એટલે ગુલાબજાંબુ મળી જાય. (એટલે કે સરળ મહેંકતા ગુલાબના ફુલ મળે, રસીલા જાંબુ મળે અને મધમીઠા ગુલાબજાંબુ પણ મળે - ત્રેવડો લાભ!) સાવ નાના બાળકોને વળી દાદા-દાદી બાબાગાડીમાં સહેલ કરાવવા બગીચામાં લઇ જાય અને પોતે પણ તાજો પ્રાણવાયુ ફેંફસામાં ફરી દે. પાછા આવી છાપાનો અક્ષરેઅક્ષર વાંચી કાઢે. પરંતુ પેલા આરામથી તૈયાર થનારા વડીલોને વાંચવાની ટેવ નહીં એટલે નજીકમાં આવેલા મંદિરે ઊપડે. દેવના દર્શન કરી થોડીવાર બહારના બાંકડે બેસે. થોડીવાર શું કામ? આખ્સા બે-ત્રણ કલાક ખેંચી કાઢે. મંદિરના બાંકડે એમના જેવા સમદુઃખીયારા પહેલેથી હાજર હોય. એમની સાથે ટોળટપ્પે ચડે. 'આપણે તો કેટલું બધું વૈતરું કરતાં હતા? અત્યારની ભરતી તો પૈસા વગર કશું કામ જ કરતી નથી.' આ વાત શરુ થાય એટલે સૌ પોતપોતાના દાખલા આપવા પડાપડી કરે. ચર્ચાના દોર સૂરજ માથે આવે ત્યાં સુધી લંબાય. ઘણાને તો ઘેરથી છોકરા બોલાવવા આવે ત્યારે જવાનું છે એવું ભાન થાય.

ગાંધીનગરમાં નગરલાલિકાની રચના થયા પછી આખા શહેરમાં બાંકડાની સંખ્યા અણધારી વધી ગઇ છે. આ નગર અત્યાર સુધી વૃક્ષોનું નગર કહેવાતું આવ્યું છે તે હવે બાંકડાઓનું શહેર બની ના જાય તો સારું. (બાંકડાઓ વિશે ભવિષ્યમાં એક અલગ લેખ લખવાની ઇચ્છા છે. કૃષ્ણ (કાન્ત) કરે તે ખરું.)

આપણે આ બધી વાતો તો નિવૃત્ત થયેલા કર્મચારી બાબત કરી. પરંતુ જે વ્યક્તિએ ત્રીસ-પાંત્રીસ વરસ એકધારી નિષ્ઠાથી અને શતપ્રતિશત સેવાભાવનાથી નોકરી કરી હોય એને અચાનક કર્મથી વિમુખ થઇ જવાનું ટાણું આવે ત્યારે એના હૃદયમાં કેવી કેવી સંવેદનાઓ જાગે? ગાંધીનગરમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓની જીવનકહાની રાજયના અન્ય ભાગાં સેવા કરતાં કર્મચારીઓ કરતાં ખાસ્સી જુદી હોય છે. દા.ત. કોઇ શિક્ષણ જાણે દેશનું ઘડતર કરવાનું કામ એને સોંપવામાં આવ્યું હોય એવા ઉદ્દેશથી સમગ્ર જીવન એને બાળકોના સંસ્કાર-સિંચમાં રેડી દીધું હોય એને છેલ્લે દિવસે હાથમાંથી ચોક-ડસ્ટર અને હાજરીપત્રક છોડીને ચાલ્યા જવાનું થાય ત્યારે એના દિલમાં કેવી લાગણીઓ પ્રગટે એ વિશે મુકેશ જોષી આપણી ભાષાના નવોદિત કવિએ એક સરસ કાવ્ય લખ્યું છે, એની આરપાર જવાનું તમને જરુર ગમશે. આપણા નગરના જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે નિવૃત્તિનો પહેલો દિવસ એવો લેખ્યો હોવાનું યાદ આવે છે પણ આ સંબંધી કાવ્ય લખ્યું હોય એવું જાણમાં નથી. હાલના કોઇ કવિ લખે તો સારું. અમે તો નિવૃત્તનો અઢળક આનંદ માણી રહ્યા છીએ એટલે મારાથી તો આવું કંઇ લખાશે નહીં એવી ગળા સુધીની ખાતરી છે.

જવા દો આવી બધી વાતો અને વાંચો મુકેશ જોષીનું નિવૃત્ત થતા શિક્ષકનું ગીત.

નિવૃત્ત થતા શિક્ષકનું ગીત

ચોકના ટુકડાથી કંઇક તો લખું
જરા ડસ્ટરને સ્પર્શી લઉં હજુ એક વાર
એક એક ઓરડાની ભીંતોને જોઇ લઉં
જોઇ લઉં બારીને બારણાંની બા'ર
આજનો સૂરજ આ ડૂબી જશે ને
કંઇક ડૂબી જશે પછી ગમતી સવાર.
આજથી બાબર કે અકબરનું યુદ્ધ નહીં
ગાંધીજી ગોળીથી ઠાર નહીં થાય
કક્કાનું ગામ દઉં છોડી, પણ
એકડાની આંગળી છોડતાં છાતી ભરાય
છાતીમાં વર્ષોથી લાગણીના જાળાં
હવે ખેંચવાનો એક એક તાર. આજનો સૂરજ...
કાલે પણ છોકરાની હાજરી લેવાશે
એક-એક છોકરો બોલશે : હાજર
ખૂણેથી કોઇ ટાબરિયું બોલશે
આજે પેલા શિક્ષક છે કેમ ગેરહાજર?
એક એક ભૂલકાને ભૂલી જવા
વહે કેટલાય દરિયાની ધાર. આજનો સૂરજ...
છોકરાંનાં કંઠોમાં પ્રાર્થનાઓ રોપી ને
છોકરીની પાનીમાં રાસ
આટલા વર્ષોથી પૂનમની ચાંદની
પળમાં કાં થઇ ગઇ અમાસ
માંડ મેં આંસુ વળાવીને જોયું
(તો) ઉદાસીની આખી કતાર. આજનો સૂરજ...

- મુકેશ જોષી

મનને કેટલું સારું લાગે !

કોઇ બહારગામ ગયું હોય
અને આપણને આવીને કહે
કે તમે મને યાદ આવ્યા હતા...
તો મનને કેટલું સારું લાગે!
આપણે બહારગામ ગયા હોઇએ
અને પાછા આવીએ ત્યારે કોઇક કહે
કે મને જરાયે ગમતું નહોતું...
તો મનને કેટલું સારું લાગે...
સવારે ઊઠીને આપણને કોઇનો ફોન આવે
અને કોઇક કહે
કે ગઇકાલે મને તમારું સ્વપ્ન આવ્યું હતું...
તો મનને કેટલું સારું લાગે...

- સુરેશ દલાલ

આ કાવ્યમાં કશું ગૂઢ નથી, સીધે-સીધી વાત છે, ડાયરેક્ટ દીલ સે... હૃદય સોંસરવી ઊતરી જાય તેવી સરળ પરંતુ અત્યંત મહત્ત્વની વાત છે.

મનુષ્ય આ સંસારમાં દોડવાનું ચાલુ કરે છે. ત્યારે વચ્ચે-વચ્ચે અલગ-અલગ સંબંધોના પડાવ આવતા જાય છે. અમુક સંબંધો બાયડિફોલ્ટ ઉપરવાળાએ આપણી સાથે પાર્સલ કર્યા હોય છે. તો વળી કેટલાકની જવાબદારી આપણા પર નાખી હોય છે. ટૂંકમાં દોડતાં-દોડતાં, થાકીએ, ત્યારે જયાંથી હૂંફ મળે, સધિયારો મળે, 'અમે સાથે જ છીએ.' એવી રાહત મળે, આ પડાવ આપણા દરેકના જીવનમાં અગત્યના છે, જે આવતા રહે છે. આપણને જેમ બીજા પાસેથી બે મીઠા વેણ, પ્રોત્સાહનના શબ્દોની અપેક્ષા હોય છે, તેમ સામા પક્ષે બીજા પણ આપણી પાસે આવી જ હૂંફની અપેક્ષા રાખતા હોય છે.

વિચારયાત્રા
- ડૉ. જય ઓઝા

જીવનના આ પ્રવાસમાં આખરે એક વ્યક્તિને તેમના આત્મીયજન પાસે અપેક્ષા પણ શું હોય છે? થોડાક લાગણીસભર શબ્દોની, આ થોડાક શબ્દ, વાક્ય એ લાખો રૂપિયાના પારિતોષિકનું કામ કરતાં હોય છે. મનોવૈજ્ઞાનિક ભાષામાં આને 'Strocks' લાગણીસભર વાક્યો કે શબ્દો સમયસર મળવા જોઇએ, જો યોગ્ય સમયે પ્રોત્સાહનના, હૂંફના, પ્રેમના બે શબ્દો ન કહી શકીએ તો સામેવાળાની કેવી કફોડી હાલત થતી હોય છે તે આપણે બધાએ ક્યારેક ને ક્યારેક અનુભવ્યું હશે. ઘણાં પરિવારમાં પુત્ર એના પિતા પાસેથી જીવનભર 'શાબાશ દીકરા!' વાક્ય શોધતો ફરતો હોય છે. સંતાનની કોઇ સિદ્ધિમાં તેની સમયસર પીઠ થાબડવી જો માતા-પિતા ચૂકી જાય તો સમય જતા આ જ સંતાન મા-બાપને પીઠ બતાવતો થઇ જાય છે.

ઘણા વહી કહેશે કે કોઇના પ્રત્યેની લાગણી, પ્રેમ, સંવેદના એ તો થોડી કાંઇ વ્યક્ત કરવાની વસ્તુ છે, સાચી લાગણી તો વગર બોલ્યે પણ વ્યક્ત થઇ જતી હોય છે, આંખોથી જ વાત થઇ જાય છે, એમાં વળી શબ્દોના ગૂંથણની અને શિષ્ટાચારની શી જરુર! પણ ત્યારે કહેવાનું મન થાય કે જો લાગણી કે સંવેદના માટે આપણી બોડી લેંગ્વેજ જ કાફી હોત તો આટલા અઢળક ફિલ્મી ગીતો, રોમેન્ટીક ડ્યૂએટની જરુર જ ન હોત, મૂંગી ફિલ્મો જ બનતી હોત.

જેટલું મેળવવા માગીએ એટલું આપવું પણ આવશ્યક છે ને!

રોજ વ્યક્તિ પોતાના ઘરેથી ઓફિસે અથવા પોતાના કામના સ્થળે જવા નીકળે છે. આ તેનું રુટિન છે. લગ્ન પછી એક વાતનો ઉમેરો થાય છે જતી વખતે, પૂછવામાં આવે છે : 'આજે કેટલા વાગે આવશો?' આટલું વાક્ય આખો દિવસ ફ્રેશ રાખે છે, આખા દિવસની લોકો સાથેની માથા-ફોડી કરીને પણ તેને એક રાહત હોય છે કે ઘરે જશે એટલે પાછું એક વાક્ય પૂછાવાનું છે - 'કેમ આજે મોડું થયું!' આ મીઠો ઠપકો તેનો આખા દિવસનો થાક ઓગાળી નાખે છે.

પણ પછી આ વાત રૂટિન બની જાય છે, રોજ-રોજ તો આવું શું કહેવૈાનું! આવી માનસિકતા થઇ જાય છે, રોજની ઘટના, સમય જતાં taken for granted થઇ જાય છે. કશુંક ખૂટતું કે, કંઇક છૂટતું આપણને લાગે છે પણ સમજ પડતી નથી - શું ખૂટે છે.

અભિવ્યક્તિને વ્યક્ત કરતી વખતે વેવલાવેડા લાગે ત્યારે એ ખતરાની ઘંટી સમજવી. લાગણીઓ સતત વ્યક્ત કરતા રહેવી જરુરી છે.

'મને કોઇની જરુર નથી.' એવા 'અહમ'ને ફંગોળીને 'તમારા વિના મને ગમતું નહોતું' આ શબ્દો સાંભળવા આપણને ગમે છે. આપણને આધારા આપે છે. ખરેખર તો ક્યારેક આવા શબ્દો સાંભળવા કે સંભળાવવા આપણે રીતસર ઝૂરીએ છીએ.

પપ્પાનું સ્કૂટર કે કાર જેવી ઘરની બહાર પાર્ક થાય કે તરત જ ઘરમાંથી કાલી-કાલી ભાષામાં 'પપ્પા આવ્યા' 'પપ્પા આવ્યા' આ શબ્દો કેટલો આનંદ આપે છે તે અવર્ણનીય છે.

કોઇ આત્મીયજન બહારગામ ગયું હોય અને પાછા આવે ત્યારે આપણને કહે કે 'તમે તો ખૂબ યાદ આવ્યાં' ત્યારે કેવો આત્મસંતોષ અનુભવાય છે. આપણાથી દૂર છતાં આપણને કોઇ યાદ કરે રાખતું હોય અને પાછા આવીએ ત્યારે એ વ્યક્તિ આવું કહે ત્યારે મુસાફરીનો થાક ભાગી જાય છે. હવે તો મોબાઇલ આવી ગયા છે. બહાર ગામ ભલેને હોઇએ મમ્મીનો, પત્નીનો, મિત્રનો ફોન રણકતો રહે અને આપણે તેમનાથી કેટલાય કિલોમીટર દૂર ઝૂરતા રહીએ છીએ...

આપણા અસ્તિત્વની બીજાને જરુર છે, તેટલી સામેવાળાને પણ છે. આપણને આપણા આત્મીય વ્યક્તિની આવશ્યકતા છે, એ વાત વ્યક્ત થાય ત્યારે જિજીવિષા પાછી વધી જતી હોય છે. કામ કરવાનો જીવન જીવવાનો અનેરો ઉત્સાહ આવે છે.

જેટલું મેળવવા માગીએ એટલું આપવું પણ આવશ્યક છે ને!

ભલે જાહેરખબરો વસ્તુઓના માર્કેટીંગ માટે બનતી હોય પણ માનવીના મનને પણ એ ઘણીવાર સ્પર્શી જતી હોય છે!

જાહેરખબરોનું વિશ્વ
વિચારસભા
- નેહલ જયદીપ ગઢવી

માનવી એ સામાજિક દૃષ્ટિએ કેટલાય સંબંધોના તાંતણે ગુંથાયેલો જીવ છે. બાળપણથી વૃદ્ધાવસ્થા દરમિયાન કેટલાય વ્યક્તિઓના સંપર્કમાં આવવું અને સંબંધોનું બંધાવું એ જીવનનો ઘટનાક્રમ છે! કેટલાક લોકો પાસે ખૂબ મોટું સામાજિક વર્તુળ હોય જયારે કેટલાક લોકો એવા પણ મળે કે જેઓ પોતાના મર્યાદિત સામાજિક વર્તુળમાં જ આજીવન જોડાયેલા હોય! જો કે, જેની પાસે વિશાળ મિત્રવર્તુળ કે વધુ સંબંધો હોય તે માનવી સુખી હોય અને આ બધા જ સંબંધીઓ તેના સાચા હિતેચ્છુઓ જ હોય તેમ માનવું ભૂલભરેલું છે. આપણી આસપાસ વણાયેલા આ સંબંધોનો તાંતણો કેટલો ઘટ્ટ અને મજબૂત છે એ તો જીવનના કપરા સમયે જ જાણી કે અનુભવી શકાય! ઉપરથી સારા અને તંદુરસ્ત લાગતા સંબંધો અંદરથી સાવ ખોખલા અને માત્ર ફોર્માલિટી ખાતર જ સંકળાયેલા હોય તેમ પણ બને! બીજી તરફ સાવ મર્યાદિત સોશિયલ સર્કલ ધરાવતી વ્યક્તિ પણ આ બાબતમાં અત્યંત નસીબદાર હોય એમ પણ બને! કેટલાક લોકોનું એમ માનવું હોય છે કે પૂર્વજન્મના ઋણાનુબંધ અનુસાર આ જન્મમાં આપણને સગા-સંબંધી કે મિત્રો મળતા હોય છે! અને આ માન્યતા અનુસાર ઘણીવાર સાવ અજાણી વ્યક્તિ સાથે ધીરે-ધીરે ઓળખાણ થાય અને ત્યારબાદ છાને-પગલે આવીને કયારે તે હૃદયની સાવ નજીકના તારને સ્પર્શીને અત્યંત નિકટતમ વ્યક્તિ બની જાય એનો અહેસાસ આપણને ખુદને પણ કયાં રહેતો નથી હોતો!

આજનો આ યુગ એ દરેક વસ્તુના માર્કેટિંગનો યુગ છે! લોકો પહેલાં કરતાં વધુ 'એક્સપ્રેસીવ' બન્યા છે. મુક્ત મને પોતાની લાગણી અને ભાવનાઓને પ્રદર્શિત કરે છે! જુદી જુદી એડ-એજન્સીઝ એનો પોતાની પ્રોડક્ટ્સના વેચાણ માટે ભરપૂર ઉપયોગ કરે છે. આપણે અમુક જાહેરાતો જોઇએ તો આપણી આંખ છલકાઇ આવે તો અમુક જાહેરાતો આપણને ખડખડાટ હસાવી મૂકે! જાહેરાતોની અસરથી એ પ્રોડક્ટ્સને આપણે ખરીદી લઇએ એ વાત તો સમજ્યા; પરંતુ, જાહેરાત જોઇને આપણે કેટલાય દિવસો સુધી એ વાતને મનમાં વાગોળ્યા કરીએ એ કેવું! ફેસબુક પર આપણે જયારે આવું કંઇક જોઇએ તો તરત જ એને 'Share' કરવાનું ખેંચાણ અનુભવીએ! આ બધી બાબતો દર્શાવે છે કે આપણે હજુ એટલા શુષ્ક બન્યા નથી! આપણી અંદર રહેલી સંવેદનાઓ આવી નાની નાની બાબતોથી ફરી જીવંત બની જાય છે!

આજકાલ દીકરી વિષેના મેસેજીસ ખૂબ જોરશોરથી ચાલી રહ્યા છે. તે વધુમાં વધુ સ્પર્શતી બાબત બની ગઇ છે. સ્ત્રી પુરુષ સમોવડી બની છે અને બાળકીઓને પોતાના હક્કો પ્રાપ્ત થયા છે તેમ જ દીકરીઓના મનની વ્યથા દર્શાવતા મેસેજીસ પણ આપણે ખૂબ મોટા પ્રમાણમાં જોયા છે! આમ જોવા જઇએ તો બાપ-દીકરીનો સંબંધ એ એક અનુભૂતિનો વિષય છે અને દરેક બાપ-દીકરી પોતાની લાગણીઓને એક કે અન્ય પ્રકારે પ્રદર્શિત કરે જ છે! તો ઘણીવાર આપણને એમ પણ લાગે કે આ થોડો અતિરેક છે કે ખોટા 'લાગણી વેડા' છે. કોઇ થોડું વધું એક્સપ્રેસીવ હોય તો કોઇ ઓછું પણ એનો અર્થ એ બિલકુલ ન હોઇ શકે કે લાગણીની માત્રામાં વધ-ઘટ હોય! આપણા દાદા-દાદી કે નાના-નાની ક્યારેય આપણા માતાપિતાને 'લવ યુ બેટા' કે 'મિસ યુ બેટા' કહે છે? પણ શું એનો અર્થ એ છે કે તેઓની ફિલીંગ્સમાં કોઇ કમી છે? ના, બિલકુલ નહીં! તેમની ઊંડી ઉતરી ગયેલી આંખોમાં લાગણીનો સમુદ્ર ઘૂઘવતો હોય છે. તે જ પ્રમાણે દીકરીઓ વિશેના વધુ પડતાં લાગણીભર્યા મેસેજીસનો એટલો અતિરેક હોય છે કે ઘણીવાર લાગે કે આપણે સામાજિક સંતુલન જાળવ્યા વગર જ એકબીજાનું આંધળું અનુકરણ કરી રહ્યાં છીએ! પોતાની પુત્રી માટે લાગણી હોવી અને તેના માટે ગર્વ હોવો એ વ્યક્તિગત અનુભૂતિનો વિષય છે! કોઇ એને આંખથી અભિવ્યક્ત કરે તો કોઇ શબ્દોથી! પણ તેની માત્રામાં ઘટાડો થયો હોય તેવું ક્યારેય લાગતું નથી!

આપણે બધા અત્યારે એક પ્રકારના દંભમાં જીવી રહ્યા છીએ! આપણું દુઃખ કે આપણી તકલીફ - કોઇ જાણી ન જાય કે કોઇ સમજી ન લે તેની ખાસ તકેદારી રાખીએ છીએ! કોઇ સામે મળે અને પૂછે કે કેમ છો તો આપણે હસીને 'મજા' છે તેમજ કહીએ! ફેસબુક કે વોટ્સ અપ પર મિત્રોનું લાંબુ લિસ્ટ ધરાવીએ છીએ પણ વોટ્સઅપ પર કોઇના સ્ટેટ્સમાં ઘણા સમયથી કોઇ વિષાદમય વાતો જ લખવામાં આવે તો તેને પૂછવાની તસ્દી આપણે લેતા જ નથી! 'કેમ છો?'નો જવાબ હંમેશા 'મજા'માં જ હોય તેમ ન પણ બને એ આપણે સૌ પણ જાણીએ છીએ પરંતુ, કોઇ 'કેમ છો?' એટલું જ પૂછે તો તેની સામે પોતાનું આખું અંતર ઉલેચીને તેને પોતાના મનની બધી જ વાત કહી દેતા પણ આપણે ડરીએ છીએ! કવિશ્રી ડૉ. મુકેશ જોશી લખે છે તેમ,

(અનુસંધાન પાના નં. ૨ પર)

વનસ્પતિની જાણકારી અને તેની ઔષધીય ઉપયોગ એ બંનેનો સમાવેશ કરતો ઔષધિય વનસ્પતિ ઉદ્યાન આપણા ઔષધિય વારસાને જીવંત રાખવા અંગુલી નિર્દેષ કરે છે

હરિયાળું હરણોદ્યાન
- નટવર હેડાઉ

પ્રકૃતિની અદ્‌ભૂત દેન સમાં વૃક્ષો, નિરંતર માનવજાતનું અને અન્ય જીવોનું કલ્યાણ કરતાં રહ્યાં છે. તેની વિવિધતા અને તેની જિંદગી અનેક રહસ્યોથી ભરપુર છે. તેનો ખ્યાલ તમે વનસ્પતિ ઉદ્યાનમાં પ્રવેશો ત્યારે જ આવે છે. કલરવ સંકુલની બિલકુલ સામે તેનું પ્રવેશ દ્વાર આવેલું છે. બંને તરફ કયારીઓમાં છોડવાઓ લહેરાય છે. અને બંને બાજુ કયાંક લીમડાના વૃક્ષ પર તો કયાંક વાડ પર ઊંચે ચડીને પુષ્પિત વેલીઓ એવી રીતે ઝબુંળતી દેખાય છે કે જાણે વૃક્ષ કન્યાઓ ફૂલડાંઓ વેરી તમારું સ્વાગત કરતી હોય.

પ્રવેશદ્વારથી સહેજ આગળ વધતા એક પહોળો માર્ગ દેખાય છે. જેની બંને તરફ શિસ્તબદ્ધ રીતે ઊભેલાં સિપાઇઓની જેમ પામ અને કપોડ વૃક્ષોની હાર અડિખમ ઊભી છે. તો સાથે હરિત દિવાલ જેવી મહેંદીને પણ સરસ રીતે કાપીને આકાર આપવામાં આવ્યો છે તે નયનરમ્ય લાગે છે.

વનસ્પતિ ઉદ્યાનના સર્જન પાછળ મુખ્ય હેતુ સહેલાણીઓને સરળતાથી વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન આપવા સાથે પ્રકૃતિ વચ્ચે રહી નૈસર્ગિક આનંદ આપવાનો રહેલો છે. તે સાથે સામાન્ય લોકોને સહેલાંઇથી પરિસરીપ વિજ્ઞાનની જાણકારી મળે, વનસ્પતિઓની ઓળખ થાય, તેના ઔષધિય ગુણો ઉજાગર થાય એ ખાસ છે. પરંતુ અહીં આવતા મોટાભાગના સહેલાણીઓ પ્રકૃતિને માણવા અને મોજમજા કરવા આવતા હોય ત્યારે તેમની સુવિધા ને ધ્યાને લઇ હરિયાળી લોનથી આચ્છાદિત વિસ્તાર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેમાં ગુલાબ, મોગરા, બારમાસી કેટલાંક સીઝનલ ફૂલોની કયારીઓ સહેલાણીઓને આવકારે છે. તે સાથે અનેક સર્જકો, કલાકારો અને કલા કસબીઓને આકર્ષે છે. જેના કારણે અહીં ગુજરાતી અને હિન્દીમાં બનતાં અનેક ચિત્રપટોના ચિત્રાંકન તેમજ ટીવી શ્રેણીઓના ચિત્રાંકનો થતાં રહ્યાં છે. દૂરદર્શન તો એક આખો કાર્યક્રમ તેના પર બનાવેલો છે. માહિતી ખાતાની પરિવર્તન શ્રેણીમાં ઉદઘોષક શરુઆત અહીંથી કરે છે અને પૂર્ણ વિરામ પણ અહીં જ આપે છે, દરવાજાની ડાળી બાજુએ ઉભેલ કદંબ વૃક્ષ કૃષ્ણની યાદ અપાવે છે તો કેવડા અને સોનેરી વાંસના ઝૂંડ આંખને ઠારે છે. બાજુમાં જ આમ્ર વૃક્ષોની હાર શિતળછાયાં આપે છે.

સીધા માર્ગ પર ચાલતાં ચાલતાં તમે આગળ વધો એટલે સામે હરિદ ગૃહ (ગ્રીન હાઉસ) નજરે પડે છે. પ્રવાસીઓના આકર્ષણ માટે અહીં મુકેલ હંસરાજ, લાઇકેન, ક્રિસમસ ટ્રી, ઓર્કિડ જેવી જુદા જુદા પ્રકારની સદાહરિત અને ભેજવાળા વનોમાં જોવા મળતી વનસ્પતિઓનો સંગ્રહ એક અણમોલ નજરાણાં સમાન છે.

વનસ્પતિ ઉદ્યાનની વિશાળતા સાથે વિસ્તરેલો વૃક્ષ ઉદ્યાન (આર્બોરેટમ) ૨.૫ હેકટર વિસ્તાર ધરાવે છે. તેમાં ગુજરાત રાજયમાં જોવા મળતાં ૩૨૭ જાતના વૃક્ષોને પાંચ પેટા વિભાગમાં દરેક વૃક્ષના ચાર છોડવાનું વાવેતર વાનસ્પતિક વર્ગીકરણ મુજબ નિયત સ્થાને કરવામાં આવી રહ્યું છે. જેમાં ૨૫૦ જેટલી જાતો જોઇ શકાય છે. જેમાં એક જ કુળ અને જીનસ. સ્પીસીસને પાસે પાસે ગોઠવેલ હોઇ વનસ્પતિ શાસ્ત્રના અભ્યાસુઓ માટે સારી તક પુરી પાડે છે. અહીં સહેલાણીઓને પણ વૃક્ષોના આકારોની વિવિધતા, પુષ્પોની વિવિધતા, પરાગનયન માટે અન્ય જીવો સાથેનું તેનું સંકલન, અન્ય જીવો અને કીટકોનો તે માટે ઉપયોગ, બીજની ફેલાવા માટે અન્યજીવોની પાસે સાવ મફતમાં આ કામ ન કરાવતાં વૃક્ષો તેમને ફળો અને રસનો આસ્વાદ કરાવે છે તે સાથે પાંખોવાળા કે કંટકયુક્ત બીજ ઉત્પન્ન કરતાં વૃક્ષો જેનાં અનેક અનુકૂલનોની વિવિધતા અને સાથે સાથે અનેક જીવોને આશ્રયસ્થાન પુરું પાઠવા જેવી કેટલીક બાબતો અનેક વનસ્પતિ શાસ્ત્રીઓને પણ આશ્ચર્યથી દિગ્મૂઢ કરી શકે છે. આવાં વૃક્ષો કવિઓની સુંદર કલ્પના અને ચિત્રકારોની સુંદર કૃતિઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. આ વૈવિધ્યને કંડારવા અહીં તસ